Publication: Vraj Kishan Bhoomi I Edition: Ahmedabad

September 27, 2017 I Page No: 03

# ડેરી ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરનારી સહકારી સંસ્થાઓને ગુજરાતના માનનીયમુખ્ય પ્રધાન શ્રી અને કેન્દ્રનામાનનીય કૃષિપ્રધાનના વરદ હસ્તે એનડીડીબી ડેરી એક્સેલન્સ એવોર્ડ એનાયત કરાયા



આણંદ, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૭: ગુજરાતના માનનીય મુખ્ય પ્રધાન શ્રી વિજયભાઈ રૂપાણી અને ભારત સરકારના માનનીય કૃષિ અને ખેડૂત કલ્યાણ પ્રધાન શ્રી રાધામોહન સિંઘે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીબી) ના સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ ઉત્તમ કામગીરી કરનારસંસ્થાઓનું એનડીડીબી ડેરી એક્સેલન્સ એવોર્ડ દ્વારા બહુમાન કર્યુ હતું. આ એવોર્ડ ડેરી સહકારી સંસ્થાઓને સંચાલનની ઉત્તમ કામગીરી તથા ખેડૂતોનું મૂલ્ય તથા જાતિય સમાવેશીતા (પેહલી હાફ્ડ્રે- જૈંઙ) ની કામગીરી બદલ એનાયત કરાયા હતા.

આ પ્રસંગે કેન્દ્રના રાજ્યકક્ષાના કૃષિ અને ખેડૂત કલ્યાણ પ્રધાન માનનીય શ્રી પુરૂષોત્તમ રૂપાલા, ગુજરાત સરકારના રાજ્યકક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, પર્યાવરણ (તમામ સ્વતંત્ર હવાલા) તથા શહેરી વિકાસ વિભાગના માનનીય પ્રધાન શ્રી શંકરભાઈ ચૌધરી, ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના ઉદ્યોગ, ખાણ અને ખનિજ તથા નાણાં પ્રધાન, માનનીય શ્રી રોહિતભાઈ પટેલ, રાજ્યસભાના સાંસદ શ્રી લાલસિંહ વડોદિયા તથા નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીબી) ના ચેરમેન શ્રી દિલિપ રથ હાજર રહ્યા હતા.

એવોર્ડ સમારંભમાં પ્રવચન આપતાં મુખ્ય મહેમાન પદેથી ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે એનડીડીબી ડેરી એક્સેલન્સ એવોર્ડ દ્વારા સંસ્થાઓમાં ઉત્તમ પ્રણાલિઓ અપનાવવાના સીમાચિહ્નો સ્થાપિત થશે અને તેમના બિઝનેસની કામગીરીને નવતર પ્રકારે વિસ્તારવા પ્રોત્સાહન મળશે.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે ડેરી ઉદ્યોગના વિકાસમાં દૂધ સહકારી સંસ્થાઓએ ઘણી મહત્વની ભૂમિકા બજાવી છે. કરોડો નાના ખેડૂતોને તેમની આજીવિકા ટકાવવામાં સહાય મળી છે તથા ગ્રાહકોનેમળતો રોજનો સલામત દૂધનો પૂરવઠો વધ્યો છે. આ સહકારી સંસ્થાઓએ ખેડૂતોને અર્થપૂર્ણ રોજગારી પૂરી પાડીછે અને તેમને બજારનીનજીક લાવવામાં આવ્યા છે.

સમારંભના પ્રમુખ સ્થાનેથી શ્રી રાધામોહન સિંઘે જણાવ્યું હતું કે ઉત્પાદકો આધારિત સંગઠનોનો હિસ્સો અને આવા સંગઠીત ક્ષેત્રો દ્વારા દૂધની પ્રવૃત્તિ વધે તે આજીવિકા અને સમાવેશિતાના હિતમાં આવશ્યક છે. આથી નાણાંકિય, ટેકનિકલ અને સંસ્થાકિય સહયોગ પૂરો પાડવાની સાથે સાથે ઉત્પાદકોના સંગઠનોને આર્થિક-સામાજીક વિકાસમાં પ્રદાન આપવા માટે ભારે જોમ સાથે પ્રોત્સાહિત કરાય તથા સહકારી સિધ્ધાંતો અને મૂલ્યોનું પાલન થાય તે જરૂરી છે.

કેન્દ્રના કૃષિ પ્રધાને આ પ્રકારના એવોર્ડ આપવા બદલ એનડીડીબીની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે આ દ્વારા ડેરી સહકારી સંસ્થાઓમાં પારદર્શકતા, કાર્યક્ષમતા, સામાજીક, નાણાંકિય અને જાતિય સમાવેશીતા હાંસલ થશે.

ગુજરાતના મુખ્ય પ્રધાન અને કેન્દ્રના કૃષિ પ્રધાન દ્વારા રાષ્ટ્રિય સ્તરે ૬ અને પ્રાદેશિક સ્તરે ૧૨ એવોર્ડ ઉપરાંત મહિલાઓને બે વિશેષ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. ૧૯ મહિલા દૂધ ઉત્પાદકોનું પણ ડેરી ક્ષેત્રે પ્રશંસાપાત્ર પ્રદાન બદલ બહુમાન કરવામાં આવ્યું હતું.

કેન્દ્રના માનનીય કૃષિ અને ખેડૂત કલ્યાણ પ્રધાન તથા ગુજરાતના માનનીય પ્રધાનોએ એવોર્ડ મેળવનારને અભિનંદન પાઠવ્યા હતા અને સહકારી સંસ્થાઓ અંગે મૂલ્યવાન મંતવ્યો વ્યકત કર્યા હતા